## @ગાંધીનગર

● શ્રી રામ સેવા ટ્રસ્ટ અને સુંદરધામ પરિવારના સંયુકત ઉપક્રમે બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમિયાન સે-૩-ડી, રામજી મંદિર ખાતે સંજય ભારતી બાપુના વ્યાસપીઠે રામકથા યોજાશે.

● સે-૨૩ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મુકુન્દ મહારાજની વ્યાસપીઠે ભાગવત કથા યોજાશે.

● આઈડીપી સ્કૂલ દ્વારા સવારે ૯ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાસંતી પર્વ નિમિત્તે યોગ થકી રોગ નિર્મૂલન કાર્યક્રમનું આયોજન

જયોતિ મહિલા મંડળ, વિવેક ટ્રસ્ટ અને સમસ્ત બ્રહ્મભવનના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૮મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન વર્ષની પ્રથમ નવરાત્રી નિમિત્તે વાસંતી પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 'યોગ થકી રોગ નિર્મૂલન' સૂત્રને આધારે દેવીસૂકતના નવા શ્લોક ઉપર પ્રાથમિક શાળાના શિક્ષકો વકતવ્ય આપશે.

સેકટર-૧૬, બ્રહ્મભવન, સચ્ચિદાનંદ ખાતે મહા મહિનાથી શરૂ થતી વર્ષની પ્રથમ નવરાત્રી નિમિત્તે વાસંતી પર્વ યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ચિલ્ડ્રન યુનિ.ના સલાહકાર જયોતિબેન થાનકી, અતિથિ વિશેષ પદે નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. દક્ષાબેન વ્યાસ ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમ પાઠય પુસ્તક મંડળના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ પંડિતના અધ્યક્ષસ્થાને કરવામાં આવશે. આજની ભાગદોડ ભરી તણાવયુકત જીવનશૈલીમાં યોગ થકી રોગનું નિર્મૂલન કરવા જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, વિવેક ટ્રસ્ટના પ્રમુખ મિનળબેન ઓઝા, સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલે નવતર અને ઉમદા પ્રયાસ હાથ ધર્યો છે.

## શ્રી છેડાલ પરગણા વણકર સમાજ મહિલા સોસાયટી દ્વારા વરણી

શ્રી છેડાલ પરગણા વણકર સમાજ મહિલા ક્રેડીટ સોસાયટી ગાંધીનગરની સામાન્ય સભા સેકટર-૬ના બગીચા ખાતે મળી હતી. આ સભામાં મહિલા ક્રેડીટ સોસાયટીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સવિતાબેન સોલંકી, ઉપપ્રમુખ તરીકે વર્ષાબેન સોલંકી, મહામંત્રી તરીકે ઉલ્પાબેન જાદવ, સહમંત્રી પદે વર્ષાબેન પરમાર, કુસુમબેન પરમાર અને વર્ષાબેન પુરબિયા તેમજ કોષાધ્યક્ષ તરીકે દક્ષાબેન પરમારની વરણી કરવામાં આવી હતી.

# સિવિલના નવા બિલ્ડીંગના ધાબા પર મંડાતી દારૂની મહેફીલ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજયની રાજધાની ગાંધીનગરની હોસ્પિટલમાં દર્દીથી કણસી રહેલા દર્દીઓના માથા પર બેસીને દારુની મહેફીલો મંડાય છે. ગાંધીનગર સિવિલ સંકુલ ખાતે આવેલ આઠ માળની નવી બિલ્ડીંગના ધાબા પર રાત્રીના સમયે મહેફીલો જામે છે. આ મહેફીલો કોણ માણે છે...તે પણ એક પ્રશ્ન છે..?

મહાત્મા ગાંધીના કહેવાતા ગુજરાતમાં દારુબંધી છે પણ આ દારુબંધી માત્ર કાગળ પર હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં પણ દારુડીયાઓ ગમે ત્યાંથી દારુ મેળવીને સેવન કરીને ફરતા જોવા મળે છે. પોલીસ તંત્રની નજરથી બચવા માટે દારુડીયાઓ રાત્રીનું અંધકાર અને ખાસ અવર જવર ના હોય તેવી જગ્યાઓ પસંદ કરતા હોય છે અને મહેફીલો માણતા હોય છે. ત્યારે શહેરની હોસ્પિટલને પણ દારુડીયાઓએ નિશાન બનાવી હોય તેવું લાગી રહ્યું છે.પરંતુ સિવિલ બિલ્ડીંગનું ધાબુ દારુની મહેફીલો



સંકુલના આઠ માળની નવી માટે હોટ સ્પોટ બની ગયું છે. ત્યારે સિવલના ધાબા પર બેસીને નિરાંતે દારુ પીતા આ દારુડીયા બહારના અસામાજીક ત્તત્વો છે કે સિવિલના અંદરના સ્ટાફના કર્મચારીઓ તે પણ તપાસનો વિષય છે. પરંતુ ધાબા પર મહેફીલો રાત્રીના અંધકારમાં તંત્રની જાણ બહાર જામે છે તે સત્ય હકીકત છે. સિવિલ સંકુલમાં સીસીટીવી કેમેરાથી સજ્જ છે. સિવિલના સતાધિશોએ ટાઈમ કાઢીને સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ કરવું પડે તેવી સ્થિત નિર્માણ પામી છે. ગાંધીનગર શહેરની હોસ્પિટલ જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવતા સિવિલ સંકુલ દર્દીઓથી ઉભરાય છે. ત્યારે સિવિલના ઈન્ડોર વિભાગમાં વિવિધ રોગની સારવાર મેળવી રહેલા અને દર્દીથી કણસી રહેલા દર્દીઓના માથા પર જ રાત્રીના સમયે મંડાતી મહેફીલો અંગે તપાસ કરીને સિવિલના સતાધિશોએ આકરુ વલણ દાખવવું અનિવાર્ય થઈ ગયું છે.



ભારતની સ્વતંત્રતા માટે અસંખ્ય યુવાનોએ ભરયુવાનીમાં પોતાની જાત હોમી દીધી હતી. શહીદ ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરુ જેવી ક્રાંતિકિરી યુવા ત્રિપુટી દેશના યુવાનો માટે આજે પણ આદર્શ બની રહી છે. આ ત્રિપુટીને અંગ્રેજ હકુમતે ફાંસીની સજા સુણાવી ત્યારે તે ૧૪મી ફેબ્રુઆરીનો દિવસ હતો. આજના યુવાનો ૧૪મી ફેબ્રુઆરીને માત્ર 'વેલેન્ટાઈન ડે' તરીકે જ જાણે છે અને તેની ઉજવણીમાં મદમસ્ત બની ગયા હતા ત્યારે ગાંધીનગરના 'જય હો' ગ્રુપના યુવાનોએ આ દિવસે ઘ-૪ સર્કલે સાંજે મીણબત્તી સાથે શહીદ ત્રિપુટીના પોસ્ટરો પ્રદર્શિત કરી શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી.

# સરગાસણ ચાર રસ્તા પાસે બસ સ્ટેન્ડ બનાવવા રહિશોની માંગ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર નજીક આવેલા સરગાસણ વિસ્તારમાં અસંખ્ય સોસાયટી અને ફલેટો આવેલા છે. આ વિસ્તારમાં હજ્જારો રહિશો રહે છે અને તેમના માટે નજીકનું સ્થળ આવન જાવન માટે સરગાસણ ચાર રસ્તા છે. શહેરનો રોકેટ ગતિએ વિકાસ થતા સરગાસણ વિસ્તાર ન્યું ગાંધીનગર તરીકે વિકાસ પામ્યો છે. સરગાસણ ચાર રસ્તા હાલના સમયે દિવસ દરમ્યાન મુસાફરો થી ધમધમે છે. આ ચાર રસ્તા પાસે એક પણ સ્થળે બસ સ્ટેન્ડ આવેલું નથી. હજ્જારો મુસાફરો આવન જાવન કરતા હોવા છતા બસ સ્ટેન્ડ ન હોવાથી સ્થાનિક રહિશોએ બસ સ્ટેન્ડ બનાવવા માંગ કરી છે. તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય કરીને સરગાસણ ચાર રસ્તા પાસે બસ સ્ટેન્ડ બને તેવી સ્થાનિક રહીશોની લાગણી અને માંગણી છે.

ગતિશીલ ગુજરાતના નારા ને ગાંધીનગર શહેરે સાર્થક કર્યું હોય તેવું લાગી રહ્યું છે. ગાંધીનગર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. ગાંધીનગર થી અમદાવાદ તરફના માર્ગની આસપાસની જમીનમાં હજ્જારો મકાનો નિર્માણ પામ્યા છે. ગાંધીનગર-અમદાવાદ ટવીન સીટી બનવા જઈ રહ્યું છે. શહેરની ચારેબાજુ વિકાસ થતા ગાંધીનગર જેવડું બીજુ ન્યું ગાંધીનગર નિર્માણ પામ્યું છે. ગાંધીનગર સરખેજ માર્ગ પર આવેલા સરગાસણ વિસ્તાર પણ ન્યું ગાંધીનગર તરીકે વિકાસ પામ્યું છે. આ વિસ્તારમાં પણ અનેક ફલેટો, રો હાઉસ, સોસાયટીઓ આવેલી છે જેમા હજ્જારો રહિશો રહે છે. આ તમામ રહિશો માટે અત્યારે હાલ સરગાસણ ચાર રસ્તા આવન જાવન માટે મુખ્ય સ્થળ છે. રોજ હજ્જારો મુસાફરો અહીંયાથી એક સ્થળે થી બીજા સ્થળે મુસાફરી કરે છે. આ વિસ્તારમાં એક પણ પીકઅપ બસ સ્ટેન્ડ આવેલું નથી. મુસાફરોને રોડ પર ઉભા રહીને બસની રાહ જોવી પડે છે. મુસાફરો રોડ પર ઉભા રહેતા અવાર નવાર ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાય છે તેમજ નાના મોટા અકસ્માતોના બનાવ પણ બનતા રહે છે. ઉનાળા, શિયાળામાં તો ઠીક પણ ચોમાસાની સિઝનમાં વરસાદ વરસતો હોય તેવી પરિસ્થિતમાં મુસાફરોને ઉભુ રહેવું મુશ્કેલ બને છે. ત્યારે ન્યું ગાંધીનગરના આ વિસ્તારમાં તંત્ર દ્વારા બસ સ્ટેન્ડ બનાવાય તેવી માંગ રહિશો કરી રહ્યા છે.

# સે-૬ પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનો બાળમેળો યોજાયો

### જીવન કૌશલ્ય ખિલવતી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ તૈયાર કરેલ અનેકવિધ કૃતિઓ રજૂ કરાઈ : બાળકોએ બનાવેલ બાળફિલ્મ રજૂ કરાઈ







(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા પ્રેરિત તાલુકા કક્ષાનો બાળમેળો સે-૬ની પ્રાથમિક શાળામાં યોજાયો હતો. આ બાળમેળામાં જીવન કૌશલ્ય ખિલવતી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ તૈયાર કરેલ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો દ્વારા તૈયાર કરાયેલ બાળ ફિલ્મનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

બાળમેળામાં વિવિધ આઠ પ્રકારના વિભાગો રચવામાં આવ્યા હતા જેમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ, ચાલો શીખીએ, સ્વજાગૃતિ-સુશોભન અને સ્વચ્છતાની પ્રવૃત્તિઓ, હળવાશની પળોમાં પર્યાવરણને જાણો-માણો અને જાળવો, વાંચન-લેખન અને અવલોકન, સામાન્ય જ્ઞાન સમસ્યા ઉકેલ અને સમૂહ જીવન અને બાળ પ્રદર્શનનો સમાવેશ કરાયો હતો. આ ઉપરાંત ખુલ્લા વિભાગમાં બાળકો દ્વારા ચટાકેદાર ખાણી પીણીના સ્ટોલ ઉભા કરાયા હતા. બાળકો આ બાળ મેળામાં વિદ્યાર્થીઓએ અનેકવિધ નયનરમ્ય ચીજવસ્તુઓ તૈયાર કરી હતી જે જોઈને મુલાકાતીઓ દંગ રહી જવા પામ્યા હતા. કલાડીમાં રંગપૂરણી, ભૌમિતિક આકારો, ગ્લાસ પેઈન્ટિંગ, કુકર ફિટીંગ તથા મિકસર ચલાવવું, વજન કાંટાનો ઉપયોગ, સાયકલ પંકચર, સંસ્કારપોથી, ફુલદાની, ઝુમ્મર, નાટક-સંવાદ, મ્હોરા, મૂક અભિનય, નાટક, સર્વધર્મ સમભાવ, વનસ્પતિઓના નમૂના, સોલાર સીસ્ટમ કટિંગ, ઔષધિઓનું નિદર્શન, પુસ્તક પ્રદર્શન, પક્ષીના માળા, ઈકો કલબ ઉપરાંત શબ્દકાર્ડ, ફૂલ પાંદડી, જાદુના ખેલ, અંધશ્રધ્ધા નિર્મૂલન પ્રયોગો, ગણિત-વિજ્ઞાન કૃતિઓ, ગ્લોબલ વોર્મિગ વિષયે ચિત્રો, ટ્રાફિક સિગ્નલ, રાષ્ટ્રીય ચિહ્નોની સમજ, બેંક કામગીરી, માટીકામ, શાળાની પ્રવૃત્તિઓ, સંસ્કારપોથી, વેસ્ટમાંથી બેસ્ટ વગેરે સહિતના અઢળક વિષયે કૃતિઓ પ્રસ્તુત કરાઈ હતી. આ ઉપરાંત ખુલ્લા વિભાગમાં ખાણી પીણીની આઈટમો રજૂ કરાઈ હતી.

બાળમેળામાં બાળકોએ શિક્ષકના માર્ગદર્શન હેઠળ ટુંકી ટેલિફિલ્મનું પણ નિર્માણ કર્યુ હતું. જેને બાળમેળામાં દર્શાવાઈ હતી. આ પ્રસંગે તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ મુલાકાત લઈ બાળકોને બિરદાવ્યા હતા. કાર્યક્રમમાં શિક્ષણ તાલીમ ભવનના સિનિયર લેકચરર સી.સી. પટેલ તથા રાજેન્દ્ર રાવલના માર્ગદર્શન હેઠળ તેમજ અન્ય મુલાકાતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૧૧૦ જેટલા વિજ્ઞાન શિક્ષકોએ ઉપસ્થિત રહી પોતાની સ્કૂલમાં આ પ્રકારના બાળમેળાનું આયોજન કરવા તાલીમ મેળવી હતી. આ બાળમેળા માટે શાળાના મુખ્ય શિક્ષક ઈશ્વરભાઈ પટેલ તથા કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● દસમા-બારમાના બોર્ડની પરીક્ષાઓ ઢૂકડી આવતા નગરના વિદ્યાર્થીઓએ કમર કસી તૈયારીઓ આરંભી છે. શહેરના મધ્યમાં સ્વર્ણિમ પાર્ક ખાતેના અમ્બ્રેલા સીટીંગમાં પણ વિદ્યાર્થીઓ આખો દિવસ અને મોડી રાત સુધી અભ્યાસ કાર્ય કરતા જોવા મળે છે.

● શેરબજારમાં ચાલી રહેલી ઉથલપાથલે નગરના રોકાણકારોનો વિશ્વાસ ડગમગાવી દીધો છે. હવે શેર બજારના સુધારા માટે નગરના રોકાણકારો મોદી સરકારના બજેટ પ્રત્યે આશાભરી મીટ માંડીને બેઠા છે.

● એક તરફી શેરબજાર ગગડી રહ્યું છે ત્યારે બીજી તરફ સોનાના ભાવો ઉંચકાઈ રહ્યા છે. લગ્નસીઝન ટાણે જ સોનાના ભાવોમાં ઉછાળો આવતા લગ્ન પ્રસંગોના આયોજકોનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે. સાથે ઘરાકીમાં પણ અસર પડતા સોના-ચાંદીના વેપારીઓના મોંઢા પણ કટાણા થવા પામ્યાં છે.

● ટાઉનહોલ ખાતે વિવિધ એવોર્ડ વિતરણ કાર્યક્રમ માટે પધારનાર રાજયના રમતગમત મંત્રી નાનુભાઈ વાનાણીના સ્વાગત માટે લાલ જાજમ બીછાવાઈ હતી. આ જાજમ પર કાર્યક્રમ પુરો થાય ત્યાં સુધીમાં પવનથી ખરી પડેલા ઝાડના અસંખ્ય પાંદડા છવાઈ જતા મંત્રીના પરત ફરવા સમય અગાઉ સફાઈકર્મીઓને તાબડતોડ કામે લગાડી સરકારી બાબુઓએ 'રેડ કાર્પેટ' સ્વચ્છ બનાવી દીધી હતી.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## ૨૫૦ કેદીઓ ધો-૧૦ અને ધો-૧૨નીપરીક્ષા આપશે

અમદાવાદ, તા.૧૫

આગામી આઠમી માર્ચથી રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ તેમજ ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાનો આરંભ થઈ રહ્યો છે. આ પરીક્ષામાં પરીક્ષા આપવા માટે ૨૫૦ જેટલા વિવિધ ગુનાઓમાં સજા કાપી રહેલા કેદીઓ દ્વારા પણ આવેદનપત્ર ભરવામાં આવ્યા છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ, આગામી આઠમી માર્ચથી રાજયમાં શરૂ થઈ રહેલી બોર્ડ પરીક્ષામાં સ્વતંત્ર ઉમેદવાર તરીકે બોર્ડ પરીક્ષા આપવા માટે કેદીઓ હાલ તૈયારીમાં વ્યસ્ત છે.

# જોકર બની દર્દીઓને હસાવતા યુવાનો

### કડી સર્વ વિદ્યાલય કેમ્પસના વિવિધ કોલેજોના ૯૦ યુવાનોની અનોખી પ્રેરણાત્મક સેવાકીય પ્રવૃત્તિ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસની અનેક કોલેજના ૯૦ યુવા વિદ્યાર્થીઓ દ્વારા ''સર્વ





(તસવીર : કશ્યપ નિમાવત)

નેતૃત્વ ટીમ''નામનું એક ગૃપ તૈયાર કરાયું છે. આ ગૃપના યુવાનો દર શનિવારે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરે છે જે અંતર્ગત આ સપ્તાહે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે બાળ દર્દીઓને હસાવવા માટે કલોન એકટની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.

સર્વ નેતૃત્વ ટીમ દ્વારા અત્યાર સુધીમાં ૨૦ જેટલી પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. આ ગૃપમાં કડી સર્વ વિદ્યાલય કેમ્પસની અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ, બીસીએ કોલેજ, એડીઆરપી કોલેજ, બી.એડ. કોલેજ, નર્સિંગ કોલેજ સહિતની સંસ્થાઓના ૯૦ વિદ્યાર્થીઓ સર્વ નેતૃત્વ ટીમ દ્વારા અનેક પ્રકારની સામાજિક પ્રવૃત્તિ કરી રહ્યાં છે. આ ગૃપના યુવાનો દર સપ્તાહે અલગ અલગ હોસ્પિટલ્સ, અનાથાશ્રમો, ઘરડાઘર-વૃદ્ધાશ્રમો તથા આ પ્રકારની સંસ્થાઓમાં જઈ દર્દીઓ અથવા આશ્રિતોને હસાવવાનું કામ કરે છે. આ યુવાનો માને છે કે વ્યક્તિએ જાતે ખુશ થવુ ખૂબ સહેલુ છે પરંતુ અન્યને ખુશ કરવાનું કાર્ય સૌથી અઘરૂ છે. બીજાના ચહેરા પર હાસ્ય રેલાવવુ એ દુનિયાનું સૌથી પવિત્ર કાર્ય છે. આ પ્રકારની પ્રવૃત્તિ યુવાનોને સમાજ માટે કંઈક કર્યાનો અનહદ સંતોષ આપે છે.

આ સપ્તાહે યુવાનોએ સિવિલ હોસ્પિટલના ચિલ્ડ્રન વોર્ડમાં જઈ બાળ દર્દીઓ સમક્ષ જોકરના મેકઅપ સાથે ચહેરા પર વિવિધ સ્માઈલી અને ટેટુઝ ચિતરાવી બાળકો સાથે બાળક બની તેમના ચહેરા પર સ્મિત રેલાવ્યુ હતુ. છેલ્લા ૪ માસથી ચાલી રહેલ આ પ્રવૃત્તિ અનેક માટે પ્રેરણારૂપ બની રહી છે. જ્યારે દર્દીઓને હતાશામાંથી બહાર કાઢી રોગ સામે લડવાની શક્તિ પુરી પાડવાનું કાર્ય કરી રહી છે. યુવાનો દ્વારા અત્યાર સુધીમાં ગરીબ બાળકોને અક્ષરજ્ઞાન આપવુ, ઈકો ફ્રેન્ડલી દિવાળી ઉજવવી, મિશન સેફ સ્કાય, થર્ટી ફર્સ્ટ ડે સેલિબ્રેશન વીથ પુઅર ચિલ્ડ્રન, વૃદ્ધાશ્રમોની મુલાકાત, સ્પેશ્યિલ બાળકો સાથે રમતગમત જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરી ચુકયા છે.

- આ પ્રવૃત્તિથી અમને ખૂબ આનંદ મળે છે. દર્દીઓ અમને જોઈને જ એટલા ખુશ થઈ જાય છે કે બેઘડી માટે તેમનું દર્દ ભુલી જાય છે. અમને ફિલ્મ જોવી કે પાર્ટી કરવી તેના કરતા આ પ્રવૃત્તિમાં વધુ મજા પડે છે.

● તન્મય પટેલ - અશ્વિનભાઈ કોમર્સ કોલેજ

દરેકે પ્રત્યેક મનુષ્ય પ્રત્યે પ્રેમભાવ રાખવો જોઈએ. આ એક સારો અનુભવ છે. અમે દર્દીના સગાસબંધીઓ ખબર અંતર પુછવા જવા પણ તૈયાર ના હોય તેવા વોર્ડમાં જઈ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા દર્દીઓના ચહેરા પર સ્મિત રેલાવીએ છીએ અને તેમનું દુઃખ ભુલાવીએ છીએ.

● જીગ્નેશ ઠક્કર : એલડીઆરપી કોલેજ

મોટા ભાગની છોકરીઓ જે ખરેખર વધારાનુ કામ છે તેમાં વધુ રસ રાખે છે અને તેને જ મહત્વ આપતી હોય છે. જો આ કાર્યમાં જોડાય તો વધુ આનંદ મેળવી શકે.

● પ્રિતિ તંવર : આર.એચ. પટેલ એન્જિનીયરીંગ કોલેજ

અમારી આ પ્રવૃત્તિમાં ૨૫ જેટલી છોકરીઓ જોડાઈ છે. અમે અમારા વધારાના પોકેટમનીનો ઉપયોગ આ સેવાકીય પ્રવૃત્તિ માટે વાપરવામાં માનીએ છીએ. અમારી ક્ષમતા આર્થિક મદદ કરવાની તો નથી પરંતુ જોકર બનીને પણ બીજાના જીવનમાં કંઈક ખુશી આપીએ છીએ તેનો અનહદ આનંદ મળે છે.

● મોહિની બારૈયા : સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ

## દંડથી બચવા જોખમી રોંગસાઈડ ડ્રાઈવ




ગાંધીનગરમાં ટ્રાફિક પોલીસ દ્વારા તાજેતરમાં 'હેલ્મેટ' સહિતના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો પ્રત્યે લાલ આંખ કરી છે. આ કારણે નગરના વાહનચાલકો ખાસ કરીને ટુ વ્હીલર્સ ચાલકોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસની આ કાર્યવાહીથી બચવા વાહનચાલકો યેનકેન પ્રકારે વિવિધ કિમિયા અજમાવી રહ્યાં છે જેના કારણે દંડથી બચવાના પ્રયાસમાં વધુ ગુના કરવા પ્રેરાય તેવી પરિસ્થિતિ પણ સર્જાઈ છે. ગાંધીનગર કોબા મુખ્ય માર્ગ પર આજે ટ્રાફિક પોલીસને ઉભેલી જોઈ હેલ્મેટ વગરના ટુ વ્હીલર્સ ચાલકો દૂરથી જ પરત પરી જતા હતા પરંતુ પરત ફરતી વખતે તેઓ રોડ પર રોંગ સાઈડ ડ્રાઈવ કરવાનો ગુનો આચરી બેસતા હતા. આ રીતે અકસ્માત સંભવિત ક્ષેત્રમાં રોંગ સાઈડ ડ્રાઈવ કરીને એક બાઈક ચાલકે પોતાના સહિત અન્યો માટે પણ મોટું જોખમ ઉભું કર્યું હતું.

(તસવીર : સૌજન્ય : દિપક વ્યાસ)

## ચિરવિદાય

- સ્વ. ભરતકુમાર કાનજીભાઈ પરમાર, ઉ.વ.૬૬
- સ્વ. ચંચળબેન અનિલકુમાર કપૂર, ઉ.વ.૫૩
- સ્વ. ગીરીરાજ દેવજીભાઈ મકવાણા, ઉ.વ.૭૩
- સ્વ. પ્રભાતભાઈ ખૂમાભાઈ રબારી, ઉ.વ.૭૦